विભાગની કેન્દ્ર પુરસ્કૃત (C.S.S.)
યોજનાઓના અસરકારક અમલીકરણ
અર્થે જરૂરી સૂચનાઓ બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
પરિપત્ર ક્રમાંક:બજટ/૧૦/૨૦૧૯/૨૨૯/બ
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૬/૧૨/૨૦૧૯

<u>પરિપત્ર:</u>

વિભાગની કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ બાબતે અગ્રસચિવશ્રીની અધ્યક્ષતામાં તા.૨૮/૧૧/૨૦૧૯ ના રોજ યોજાયેલ સમિક્ષા બેઠકમાં વિભાગ હેઠળના ખાતાના વડાઓ દ્વારા અમલમાં મુકાતી કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓની સમિક્ષા હાથ ધરાવામાં આવેલ હતી. આ બેઠકમાં ધ્યાને આવેલા મુદ્દાઓ પરત્વે કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓના અસરકારક અમલીકરણ અર્થે નીચે મુજબની સૂચનાઓ આથી પરિપત્રિત કરવામાં આવે છે.

(૧) કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓની Sharing પેટર્નમાં કે જવાબદારી (Liability)માં જે કોઈ પણ ફેરફાર થાય તો તે ફેરફારની વિગતો સત્વરે વિભાગ મારફતે નાણા વિભાગને ધ્યાને મુકવાની રહેશે.

(૨) જે કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓમાં કેન્દ્ર સરકાર તરફથી ગ્રાન્ટ મળવાની નિશ્ચિત ન હોય અને તેમાં રાજ્ય ફાળામાંથી ગ્રાન્ટ મેળવવાની હોય તો તો તેના કારણો ધ્યાનમાં રાખી અગાઉથી અયોજન કરવાનુ રહેશે. આવી બાબત સત્વરે કારણો સહિત વિભાગ મારફતે નાણા વિભાગના ધ્યાને મુકવાની રહેશે.

(૩) કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓના અસરકારક અમલીકરણ અર્થે દરેક ખાતાના વડા દ્વારા તેમની આવી યોજનાઓ બાબતે અગાઉથી આયોજન કરવામાં આવે અને તેની સમયાંતરે સમિક્ષા કરવામાં આવે તથા ભવિષ્યમાં કોઈ સમસ્યા/ખામી ધ્યાને આવે તો તે સત્વરે વિભાગના તથા નાણા વિભાગના ધ્યાને મુકવાની રહેશે.

(૪) આવી યોજનાઓના માસિક પ્રગતિ અને ગ્રાન્ટની વિગતો નિયત કરેલ પત્રકમાં તૈયાર કરી દરેક ખાતાના વડાએ દર માસે અત્રે મોકલી આપવાની રહેશે જેની વિભાગ કક્ષાએ અગ્રસચિવશ્રીની અધ્યક્ષતામાં માસિક સમિક્ષા બેઠક યોજવામાં આવશે.

ઉપરોક્ત સૂચનાઓનું કડકપણે પાલન કરવા આથી સર્વેને જણાવવામાં આવે છે. આ પરિપત્ર વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર આ વિભાગના અગ્રસચિવશ્રીની મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

( જી.પી.પટેલ )
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) સંયુક્ત/નાયબ સચિવશ્રી, (અ.જા.ક./વિ.જા.ક./સ.સુ.), સા.ન્યા.અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર.

(૩) નિયામકશ્રી, (અ.જા.ક./વિ.જા.ક./સ.સુ.), ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૪) ઉપ સચિવશ્રી, (અ.જા.ક./વિ.જા.ક./સ.સુ.), સા.ન્યા.અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર.

(૫) સેક્શન અધિકારીશ્રી, તમામ શાખાઓ, સા.ન્યા.અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર. – કોમ્પ્યુટર સેલ